RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 270* Date: 20 .07.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# દેશના લોકો મન બનાવી ચુક્યા છે કે ત્રીજીવાર એનડીએને અવસર આપવાનો છે. : વડાપ્રધાન




નવીદિલ્હી,તા.૧૯

આગામી વર્ષે ૨૦૨૪માં યોજાનાર લોકસભા ચૂંટણી માટે દરેક રાજકીય પાર્ટીઓએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ ક્રમમાં ભાજપના નેતૃત્વવાળા ગઠબંધન એનડીએની બેઠક મંગળવારે દિલ્હીમાં યોજાઈ હતી. આ બેઠકમાં ૩૮ જેટલી રાજકીય પાર્ટીઓ સામેલ થઈ હતી. બેઠકમાં અમિત શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ અન્ય સાથી દળોના નેતાઓએ પણ સંબોધન કર્યું હતું. અંતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમાપન ભાષણમાં અનેક મુદ્દાની ચર્ચા કરી હતી.

પીએમ મોદીએ કહ્યુ કે દ્ગઙ્ઘછની ૨૫ વર્ષની યાત્રાની સાથે એક સંયોગ જોડાયો છે. આ તે સમય છે, જ્યારે આપણો દેશ આવનારા ૨૫ વર્ષ માટે એક મોટા લક્ષ્યની પ્રાપ્તિ માટે પગલા ભરી રહ્યું છે. આ લક્ષ્ય વિકસિત ભારતનું છે, આત્મનિર્ભર ભારતનું છે. પીએમ મોદીએ વિપક્ષના ગઠબંધન પર પ્રહાર કરતા કહ્યું કે, જ્યારે ગઠબંધન ભ્રષ્ટાચાર પર આધારિત હોય તો દેશનું નુકસાન કરે છે.

પીએમ મોદીએ કહ્યુ કે પોતાના રાજકીય સ્વાર્થ માટે લોકો પાસે-પાસે આવી શકે છે. પરંતુ સાથે ન આવી શકે. જે લોકો આજે મોદી પર હુમલો કરવામાં આટલો સમય લગાવી રહ્યાં છે, સારૂ થાત તે દેશ માટે, ગરીબ માટે વિચારવાનો સમય લગાવત. ૨૦૨૪ની ચૂંટણી દૂર નથી અને દેશના લોકો મન બનાવી ચુક્યા છે કે ત્રીજીવાર એનડીએને અવસર આપવાનો છે. પીએમ મોદીએ કહ્યુ કે આપણે જ્યારે વિપક્ષમાં હતા ત્યારે પણ આપણે સકારાત્મક રાજનીતિ કરી. આપણે ક્યારેય નકારાત્મક રાજનીતિ કરી નથી. આપણે વિપક્ષમાં રહીને સરકારોનો વિરોધ કર્યો, તેના કૌભાંડો સામે લાવ્યા પરંતુ જનાદેશનું અપમાન નથી કર્યું અને ન વિદેશી તાકાતોની મદદ માંગી છે.

પીએમ મોદીએ આ દરમિયાન એનડીએનો મતલબ પણ જણાવ્યો હતો. તેમણે કહ્યું કે એનનો અર્થ છે ન્યૂ ઈન્ડિયા, ડી નો મતલબ છે કે ડેવલપ્ડ નેશન, એનો મતલબ છે એસ્પિરેશન ઓફ પીપલ એટલે લોકોની આકાંક્ષા. આજે યુવા, મહિલાઓ, મધ્યમ વર્ગ, દલિત અને વંચિતોને એનડીએ પર વિશ્વાસ છે.

પીએમ મોદીએ કહ્યુ કે, ગઠબંધન સત્તાની મજબૂરીથી થાય છે, જ્યારે ગઠબંધન ભ્રષ્ટાચારના ઈરાદાથી હોય, જ્યારે ગઠબંધન પરિવારવાદની નીતિ પર આધારિત હોય, જ્યારે ગઠબંધન જાતિવાદ અને ક્ષેત્રવાદને ધ્યાનમાં રાખી કરવામાં આવે તો દેશને ખુબ નુકસાન પહોંચાડે છે.

પીએમ મોદીએ આગળ કહ્યુ કે એનડીએ માટે રાષ્ટ્ર પહેલા છે, રાષ્ટ્રની સુરક્ષા પહેલા છે, પ્રગતિ પહેલા છે અને લોકોનું સશક્તિકરણ પહેલા છે. એક તરફથી એનડીએ અટલ જીના એક વારસા સાથે આપણે જોડાયેલા છીએ. એનડીએના નિર્માણમાં અડવાણી જીએ મહત્વની ભૂમિકા નિભાવી હતી અને તે આજે આપણું માર્ગદર્શન કરી રહ્યાં છે.

## કોઈએ કહ્યું મોત બાદ સરકાર આપે છે વળતર તો મા એ દીકરાની ફી માટે મોતને વ્હાલું કર્યું

સેલમ,તા.૧૯

તમિલનાડુના સેલમમાં સનસનીખેજ ઘટના સામે આવી છે. સેલમના ૨ અગ્રહારમ સ્ટ્રીટમાં એક ૪૬ વર્ષની મહિલાએ પોતાના બાળકોના અભ્યાસના ખર્ચ માટે નાણાકીય વળતર હાસિલ કરવા માટે પોતાનો જીવ આપી દીધો છે. મહિલાએ જાહેરમાં એક બસની સામે આવીને આપઘાત કરી લીધો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

બસમાં ટકરાયા બાજ મહિલાનું મોત થઈ ગયું છે. મહિલાની ઓળખ પપાથી (૪૫) તરીકે થઈ છે. તે કલેક્ટર ઓફિસમાં સફાઈ કર્મચારી હતી. મહિલાએ પોતાના પુત્રના સારા ભવિષ્ય માટે તમિલનાડુ સરકાર પાસે નાણાકીય મદદ મેળવવા માટે ૨૮ જૂને ચાલતી બસની સામે કુદી ગઈ હતી. જાણવા મળી રહ્યું છે કે મહિલાને કોઈએ સરકારી વળતર મેળવવા માટે ગેરમાર્ગે દોરતા આ રીતે જણાવી હતી.

## શિમલાની રેસ્ટોરન્ટમાં સિલિન્ડર બ્લાસ્ટ, એકનું મોત, ૧૦ ઘાયલ

શિમલા,તા.૧૯

હિમાચલ પ્રદેશના શિમલાથી આ સમયે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અહીંના મોલ રોડ પર સ્થિત એક રેસ્ટોરન્ટમાં સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટમાં એકનું મોત થયું હતું જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા હતા. શિમલાના એસપી સંજીવ કુમાર ગાંધીએ બુધવારે આ જાણકારી આપી. જણાવી દઈએ કે આ બ્લાસ્ટ બાદ સમગ્ર વિસ્તારમાં અફરા-તફરી મચી ગઈ હતી. લોકો અહીં-તહીં દોડવા લાગ્યા.વિસ્ફોટમાં ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં એકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. એસપી ગાંધીએ જણાવ્યું કે આ મામલે તપાસ ચાલી રહી છે. વાસ્તવમાં મંગળવારે સાંજે ફાયર બ્રિગેડ ઓફિસની પાસે એક રેસ્ટોરન્ટમાં બ્લાસ્ટ થયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે વિસ્ફોટના કારણે ઘણી દુકાનોને નુકસાન થયું છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે બ્લાસ્ટના ૨૦ મિનિટ પહેલા તેમને એલપીજી ગેસની જાણકારી મળી હતી.સ્થાનિક લોકોએ જણાવ્યું કે આ વિસ્ફોટ સિલિન્ડર ફાટવાના કારણે થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે નજીકના ઘરોની બારીના કાચ તૂટી ગયા હતા. આ વિસ્ફોટનો અવાજ કેટલાય કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો.

## વાપીમાં માત્ર ચાર કલાકમાં ૬ ઈંચ વરસાદ પડતા જનજીવન પ્રભાવિત થયું

વાપી,તા.૧૯

મેઘરાજાએ આક્રમક રમત અપનાવતા વાપી શહેરમાં જળબંબાકારની સ્થિત ઉભી થતા જનજીવન પ્રભાવિત થયું હતું. મળસ્કે ૪ થી ૮ વાગ્યા સુધીમાં માત્ર ૪ કલાકમાં જ ૧૫૦ મીમી (૬ ઈંચ) વરસાદ પડતા અનેક વિસ્તારોમાં પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

વલસાડ જિલ્લામાં મેઘરાજાએ પોતાની રમત ધીમી કર્યા બાદ તેજ કરી દીધી છે. ગઈકાલે મંગળવારે સાંજે ૪ વાગ્યાથી આજે બુધવારે સવારે ૮ વાગ્યા સુધી ૧૬ કલાકમાં જિલ્લામાં સરેરાશ ૨.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લાના વાપી શહેરમાં પડેલા ભારે વરસાદના કારણે જનજીવન ખૂબ જ પ્રભાવિત થયું હતું. વાપીમાં ૧૬ કલાકમાં ૭ ઈંચ વરસાદ ઝીંકાયો હતો. જો કે મળસ્કે ૪ થી ૮ વાગ્યા સુધીમાં માત્ર ૪ કલાકમાં જ ૧૫૦ મીમી (૬ ઈંચ) વરસાદ પડતા અનેક માર્ગો સહિત નિંચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતા તળાવમાં રૂપાંતરિત થતા વાહન ચાલકો સહિત લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. મુશળધાર વરસાદને કારણે ચોમાસાની મોસમમાં પહેલીવાર નવા અન્ડરપાસમાં પાણી ભરાતા વાહનવ્યવહાર બંધ થઇ ગયો હતો. સાથે જુનું રેલવે ગરનાળુ પણ પાણીથી ભરાય ગયું હતું.

આ ઉપરાંત વાપી ટાઉનમાં મુખ્ય બજાર, જૈન મંદિર, ચલા સ્વામિનારાયણ રોડ, ગીતાનગર રોડ, ગુંજન ચારરસ્તા વિસ્તારમાં પાણી ભરાયા હતા. કેટલાક માર્ગ પર ઘૂંટણ સુધીના પાણી ભરાતા ભારે મુશ્કેલીમાં ઉભી થઇ હતી. ભારે વરસાદ પડવા છતાં શાળા ચાલું રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

આ ઉપરાંત છેલ્લા ૧૬ કલાકમાં પારડીમાં અને વલસાડમાં ૨-૨ ઈંચ, ઉમરગામમાં ૧.૫ ઈંચ, કપરાડામાં ૧ ઈંચ અને ધરમપુરમાં ૦.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. વલસાડ જિલ્લામાં મોસમમાં અત્યાર સુધીમાં સરેરાશ ૪૭ ઈંચ વરસાદ પડી ચૂક્યો છે. જેમાં વલસાડમાં ૪૪ ઈંચ, ધરમપુરમાં ૪૪.૫ ઈંચ, પારડીમાં ૪૨ ઈંચ, કપરાડામાં ૫૨ ઈંચ, ઉમરગામમાં ૪૮ ઈંચ અને વાપીમાં ૪૮.૫ ઈંચ વરસાદ પડ્યો છે. જિલ્લાના કપરાડા તાલુકામાં મેઘરાજાએ અર્ધ સદીનો આંક વટાવી દીધો છે.

## આગામી રાજસ્થાન અને છત્તીસગઢની ચૂંટણી એકલા જ લડીશું : માયાવતી

*લખનૌ,તા.૧૯*

*વિપક્ષી દળોએ મળીને* INDIA *નામના નવા ગઠબંધનની જાહેરાત કરી દીધી છે. ત્યારે* NDA*એ પણ તેનું શક્તિ પ્રદર્શન કરી દીધું છે. આ દરમિયાન એવા ઘણાં મોટા પક્ષો છે જેમણે હજુ સુધી આ બંને ગઠબંધનમાંથી કોઈને સમર્થન જાહેર કર્યું નથી. તેમાં માયાવતીની બહુજન સમાજ પાર્ટી* (BSP) *પણ સામેલ છે. આ દરમિયાન માયાવતીએ તેમનું વલણ સ્પષ્ટ કરી દીધું હોય તેમ કહી દીધું કે અમે રાજસ્થાન અને છત્તીસગઢમાં ચૂંટણી એકલા જ લડીશું. કોંગ્રેસ જાતિવાદી પક્ષો સાથે ગઠબંધન કરી રહી છે. અમે બંને ગઠબંધનના સમર્થનમાં નથી. માયાવતીએ કહ્યું કે પંજાબ અને હરિયાણામાં અમારી પાર્ટી સાથી પક્ષો સાથે મળીને લડશે. બસપાએ લોકસભા ચૂંટણી પણ એકલા લડવાની જાહેરાત કરી દીધી છે. તેમણે કોંગ્રેસ સામે નિશાન તાકતાં કહ્યું કે તે ચૂંટણી જીત્યા બાદ તેના વાયદાઓની જેમ હવા હવાઈ થઈ જાય છે. વિપક્ષી ગઠબંધનમાં સામેલ તમામ પક્ષો ચૂંટણી જીતવાના સપના જોઈ રહ્યા છે.*

## બેંગલુરુમાંથી પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ,સીરિયલ બ્લાસ્ટની સાજિસ રચી રહ્યા હતા



બેંગ્લુરૂ,તા.૧૯

સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ (સીસીબી)એ બેંગલુરુમાંથી પાંચ શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ આતંકવાદીઓ બેંગલુરુમાં સીરિયલ બ્લાસ્ટ કરવાની યોજના બનાવી રહ્યા હતા. સીસીબીએ આ પાંચ આતંકવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત કર્યા છે. સીસીબીએ કહ્યું કે આ પાંચ શકમંદોની ઓળખ સૈયદ સુહેલ, ઉમર, જાનિદ, મુદાસિર અને ઝાહિદ તરીકે થઈ છે.આ તમામ આતંકવાદીઓએ બેંગ્લોરમાં હુમલો કરવાની યોજના બનાવી હતી. આ પાંચેય આરોપીઓ ૨૦૧૭ના એક હત્યા કેસમાં આરોપી હતા અને તેઓ પરપ્પના અગ્રાહરા સેન્ટ્રલ જેલમાં બંધ હતા. અહીં તે આતંકવાદીઓના સંપર્કમાં આવ્યો હતો.

## મુંબઈમાં મેઘો મંડાયો સમગ્ર શહેરમાં ૫ ઈંચ વરસાદ, ઠેર ઠેર જળબંબાકાર

મુંબઈ,તા.૧૯

મુંબઈમાં સતત ધોમધકાર વરસાદ પડી રહ્યો છે અને શહેરના મોટાભાગના વિસ્તારોમાં ચારથી પાંચ ઈંચ પાણી પડી ગયું હતું જોકે, આજે વરસાદનું જોર ઘટયા બાદ દિવસભર ઝાપટાં ચાલુ રહ્યાં હતાં. ભારે વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો પર જળબંબાકારની સ્થિતિને લીધે ઠેર ઠેર ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.



શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ચોમાસું સક્રિય બન્યું છે અને સતત વરસાદ વરસી રહ્યો છે. દિવસ દરમિયાન હળવાંથી ભારે ઝાપટાંના દોર પછી રાતના નવ-દસ વાગ્યાથી ભારે વરસાદ શરુ થયો હતો. મોડી રાતથી વહેલી સવાર સુધી સતત ભારે વરસાદ નોંધાયો હતો. મરોલમાં આજ સવારના આઠ વાગ્યા સુધીમાં ૧૪૫ મિમિ એટલે કે લગભગ છ ઈંચ જેવો વરસાદ નોંધાયો હતો. દક્ષિણ મુંબઈના મલબાર હિલ વિસ્તારમાં આજ સવારના આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં ૧૧૫ મિમિ વરસાદ થયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મળેલી માહિતી અનુસાર, કોલાબા, શિવડી, દાદર, વિક્રોલી, વિલે પાર્લે સહિતના વિસ્તારોમાં સરેરાશ ચાર ઈંચ વરસાદ થયો હતો.

## તંત્રી લેખ......

# ઈમોજી : શોર્ટકટની મોજ

'એક સરસ વાત કહું? હમણાં જીવનમાં થોડા પરિવર્તન લાવવાના શરુ કર્યા છે,તેની શરૂઆત આંતરિક યાત્રાથી કરી છે. કોઈ પણ નિર્ણય લાગણવેશ થઈને નહિ જ લેવા, કોઈ પણ વ્યક્તિ કે પરિસ્થિતિ અસ્વીકૃત હોય તો આવેશને બદલે ઠહેરાવ સાથે પ્રતિસાદ આપવો અને દરેક ક્ષણો પૂર્ણ સજાગ થઈને જ જીવવી. આમ આવી સાવ સૂક્ષ્મ બાબતો સહજતાથી અભિવ્યક્ત ના થાય,પરંતુ તમે સમજી શકશો એવી ખાતરી છે એટલે કહું છું.'

જવાબ : એક અંગુઠો,એક નમસ્તે અને એક સ્મિત (એટલેકે આ ત્રણ અર્થ દર્શાવતા ત્રણ ઈમોજી )

'હાઈ ડિયર ,તમને બંનેને લગ્નતિથિની ખુબ ખુબ શુભેચ્છા. સાચે જ તમે બંને ખરા અર્થમાં એકબીજાના પૂરક છો. તમારા જીવન ની પ્રત્યેક ક્ષણ ખુબ જ અર્થપૂર્ણ જાય એવી શુભેચ્છા. જો શક્ય હોય તો એક વાર મારી સંસ્થામાં આવશો? અમારી દીકરીઓને કારકિર્દી અને લગ્ન જીવનના સંતુલન વિષે વાત કરશો?'

જવાબ : એક હાર્ટ, એક પહોળી આંખ દર્શાવતું સ્મિત અને એક નાનું ફૂલ (એટલેકે પ્રેમ ,ખુશી તથા આભાર દર્શાવતા ત્રણ ઈમોજી)

પ્રત્યાયનની એક મહત્વની એક મહત્વની ક્રાંતિ એટલે ઈમોજી . ★નાનો તો ય રાઈનો દાણો★ કહેવતનું આજના કમ્યુનિકેશનમાં ઉત્તમ ઉદાહરણ હોવું હોય તો તે ઈમોજી છે. કહેવું કે ના કહેવું અથવા શું કહેવુંની મુંઝવણ નો સૌથી સલામત જવાબ એટલે ઈમોજી. ઈમોજી ક્યારે આપણી ભાષાનો ભાગ બાજની ગયા તે ખ્યાલ પણ ના રહ્યો. ઈમોજી ભાગેડુ વૃત્તિને વધુ પ્રોત્સાહન આપે છે ? ઈમોજી વાતને ટૂંકાવે છે ? ઈમોજી આપણી લાગણીને સાચવીને અભિવ્યક્તિમાં મદદરૂપ છે ? આખિરકાર આ ઈમોજી છે શું ? તારીખ સત્તર જુલાઈ વૈશ્વિક સ્તરે ★ઈમોજી ડે★ તરીકે ઉજવાય છે.જેને ખરા અર્થમાં "એક એ હજારા" કહી શકાય એનું નામ ઈમોજી. હજાર શબ્દોના લલિત નિબંધ કે ખંડકાવ્યમાં સમાતી સંવેદનાઓને માત્ર એક સંકેત સ્વરૂપે દર્શાવવાનો વિકલ્પ એટલે ઈમોજી.વિવિધ ચહેરા અને વિવિધ ભાવ દર્શાવતા ઈમોટીકોન પછી ઈમોજીનો જન્મ થયો. ફોન ના વધતા વપરાશ અને ચેટના વિશ્વની વસ્તીને જોતા નિતનવું શોધાય તે સાહજિક છે.ફોનનો વપરાશ વધે, બહુમતી લોકો જીવનના તમામ સારા નરસા અનુભવો ચેટમાં છલકાવે ત્યારે સ્માર્ટ ટેક્નોલોજીના સ્માર્ટ ટેકનોક્રેટ વપરાશ કર્તાઓ માટે વિવિધ એપ, ફોન્ટ, રંગ ડિઝાઈન, બેકગ્રાઉન્ડ વગેરેની ભેંટ ધરે છે. વર્ષ ૨૦૦૨ માં આઈ કાલ કેલેન્ડર લોન્ચ થયું . એ પછી ૨૦૧૪માં જેરેમી બર્ગના વિચારથી વૈશ્વિક સ્તરે ઈમોજી ડેની શરૂઆત થઈ. 'ધ ઈમોજી' મુવી પણ બન્યું અને વિવિધ પરિપ્રેક્ષ્ય ધરાવતી મહિલાઓના ઈમોજી પણ શોધાયા. આજની તારીખે ત્રણ હજારથી વધુ ઈમોજી જોવા મળે છે. ઈમોજીની સંખ્યા, અર્થ તથા વવિધ્યમાં જે વધારો જોવા મળે છે તે તેની સફળતાનો પાક્કો પુરાવો છે. ઈમોજી આપણી ભાષા અને ખાસ કરીને આપણા અર્થપૂર્ણ પ્રત્યાયન માટે કેટલા નુકશાનકારક છે એની ભાગ્યે જ ચર્ચા થાય છે.

# અમારે બગાસુ ખાવા પણ મોંઢું ન ખોલવું?? રાષ્ટ્રીય પ્રતિકવાળા સિંહનો સવાલ.

બખડજંતર ચેનલનું બખડજંતર ચાલું હોય. સ્પોન્સર્ડ કાર્યક્રમ કરતાં નોન સ્પોન્સર્ડ કાર્યક્રમ વધારે હોય. જાહેરાતનો દુકાળ હોય. જેમની જાહેરખબર મળી હોય, જાહેરાત પ્રસારિત થઇ હોય એ લોકો પેમેન્ટ માટે અંખિયા ચુરાકે તુને કિયા જાદુ ગીત ટાઇપ વર્તન કરે. સુરેશદલાલની કવિતા જેવું મનગમતો સ્વાદ થયો તૂરો, લો આપણો સંબંધ થયો પૂરો( યંગ જનરેશનની સમજ માટે બ્રેકઅપ. આ ઈમોશનલ કે રોમેન્ટિક ટાઇપનું પેચઅપ કે બ્રેકઅપ ન હોય!!) જેમ ફોન કોલ્સ કે મેસેજીસનો જવાબ ન આપે. આ બધાને કારણે ચેનલનો બેમાથાળો બોસ કાયમ સપ્તમ સૂરમાં આલાપ પ્રલાપ કરે. અમને કૂતરા કરડતા હોય તેમ ઓર્ડર કરે!!( જોયું ને લોચો મારી દીધોને. કૂતરો કરડે ત્યારે બોલે નહી અને બોલે ત્યારે કરડે નહી. પેલું કહે છે ને કે હસવું અને લોટ ફાંકવું સાથે થાય નહી . તેવું જ સેમ ટુ સેમ!!)બોસે મને અને રાજુ રદીને નવા સંસદભવનની અગાસીમાં જઇ ઈન્ટરવ્યુ લેવા જણાવ્યું. અમે તળાજા સરતાનપુર વચ્ચે લડતા બે પાડાનો સ્ટ્રીટપોલ પર ચડીને ઈન્ટરવ્યું લીધો હતો. હવે,હાઇ પીચ ઈન્ટરવ્યુ લેવાની તક મળી.''સિંહ સાહેબ નમસ્તે. તમારો ઈન્ટરવ્યું લેવો છે. '' સિંહને મેં મારો પરિચય આપ્યો. '' સારું સારું પૂછો. વિવાદ થાય એવું ન પૂછશો.''હવે કેવું લાગે છે?'' અમે પૂછયું.

'' ભાઇ ઇ તો ચાર જણા મુશ્કેટાટ બંધાયેલ હોય તેને ખબર પડે! કેટલાય વરસોથી એકમેક સાથે જોડાયેલ છીએ. એ પણ સજજડબમ છીએ.''સિંહે વેદના વ્યક્ત કરી.

''બરડામાં ખંજવાળ આવે તો શું કરો?'' અમે તોફાની સવાલ પૂછ્યો.'' ભાઇ વાત જ ના પૂછશો. સારનાથના સ્તૂપમાંથી એમને ઈન્ટેક ઉઠાવ્યા છે. ત્યારથી દશા બેઠી છે. કોઇ મારણનો ભાવ પૂછતા નથી. કોઇ સિંહણસુખ નહી!! '' આમ કહેતાં સિંહની આંખમાંથી બોર બોર જેવડા આંસુ દડદડ વહેવા માંડ્યા.

'' લો,આંસુ લૂંછો. મિડીયા સામે રડવાથી ઈમેજને ધક્કો લાગે. સિંહ જેવો સિંહ રડે તો સસલા, શિયાળ અને હરણાએ શું કરવાનું?''અમે કેમેરો ઓફ કરાવી સિંહને ન રડવાની સલાહ આપી.''સાહેબ તમે જંગલના રાજા. તમને બંધન કેવી રીતે ફાવે છે?''અમે બંધનમુકિત જેવો સવાલ કર્યો!

'' ભાઇ એની રામાયણ છે. રાષ્ટ્રીય ચિહ્ન - પ્રતિક થવાની કિંમત તો ચુકવવી પડે ને. અમે કયાં કયાં ફેલાયેલા નથી.રૂપિયાની નોટ પર છપાઇને. જજની ખુરશી પર ખોડાઇએ. બાબુઓ, મંત્રીના લેટરપેડ પર ઈપાઇએ, વિઝિટિંગ કાર્ડમાં એમ્બોસ થઇએ.અમે ટાઢ, તડકો, વરસાદમાં પણ અહીં વરસોથી અડીખમ ઉભા છીએ. ખંજવાળ આવે શું કરીએ? કેડના કડાકા બોલી ગયા છીએ. લોકો અમને ત્રણ સમજે છે.અમે ચાર છીએ. અહીંથી છૂટા પડીએ ગિર અભયારણ્યમાં જઇને બોડમાં ઘસઘસાટ ઊંઘવું છે!!'' સિંહે તેની ઇચ્છા દર્શાવી.'' તમારી એકતા તમારા સાથે રહેવામાં છે. પછી છૂટા થવાનો કુવિચાર શા માટે?'' મે વધુ એક સ્નાન પૂછ્યો.'' રીપોર્ટર બાબુ તમે દિવસના ૨૪ કલાકમાં અઢાર કલાક કામ કરો તો કોથળા જેવા થઇ જાવ તો અમારો શું વાંક?'' સિંહે લોજીકલ વાત કરી!!'' તમે જૂના પ્રતીકની મુકાબલે વધુ આક્રમકતા કે હિંસાત્મક તેવર દેખાડેલ છે, તે યોગ્ય છે?'' અમે વિવાદના મુદ્દે સવાલ કર્યો.'' શું અમે બકરી કે સસલા છીએ? પેલી કહેવત સાંભળી છે ને કે બાકર બચ્ચા લાખ બિચારા, સિંહણ બચ્ચું એક ,એક હજીરા? ક્યાંય જૈન કે અહિંસક સિંહ હોવાનું સાંભળ્યું છે?'' સિંહે અમારી તરફ ધુરકતાં સવાલનું ફીડલું વાળી દીધું!!

'' સિંહભાઇ . તમે અગાઉ આપણા મૌની બાબા મનમોહમસિંહની મોંઢું બંધ રાખતા હતા. આ નવા જન્મમાં હવે ત્રાડ પાડતા હોય તેવો પોઝ કેમ આપ્યો છે? તમે પંચશીલ અને શાંતિમય સહાસ્તિત્વનો સિધ્ધાત ત્યજીને કેમ આક્રમક બન્યા છો?'' અમે લોકાના મનમાં રહેલો સવાલ હિંમત કરીને પૂછી કાઢ્યો.

'' ભાઇ રીપોર્ટર મનઘડંત સવાલ કરીને તમારી ચેનલના ટીઆરપી વધારવાના ગોરખધંધા-જાકુબીના ધંધા શું કામ કરો છો? અમે અહિંસક અને જૈન સિંહ જ છીએ. અમને બગાસુ આવે તો અમારે બગાસુ ખાવા અથવા ઉધરસ ખાવા પણ મોંઢું ન ખોલવું?? વાહ ભાઇ વાહ શું તમારું ષડયંત્ર છે! અમને બદનામ કરવાનું કાવતરું છે. અમે અમારા સમર્થકો સાથે ચર્ચા-પરામર્શ કરીને તમારા મિડીયાહાઉસ પર એક અબજનો માનહાનિનો દાવો માંડી દઇશું'' આમ કહી સિંહે ત્રાડ પાડી અમને નૌદોગ્યારહ કરવાનો ઈશારો કર્યો!!

હું અને રાજુ રદી મુઠીઓ વાળીને વગર પૂંછડીએ ( અમને ખબર છે કે ''ઉભી પૂંછડીએ લખ્યું હોત તો વાનરની ખાતાવહીમાં અમને ખતવી નાંખ્યા હોત!!) ભાગ્યા!!ગમે તે થાય પણ હવે પછીથી સિંહનો ઈન્ટરવ્યુ ન કરવાનો નિર્ણય લઇ લીધો!!!

ભરત વૈષ્ણવ

## થયા

માત્ર એક વાતમાં સફળ થયા,
નિષ્ફળ થવામાં સફળ થયા!!

આકાશમાં ખેતી કરવાની તક છે,
પા આકાશને ખેડવા હળ થયા!!

મુસાફરોની યુગની તરસ છીપાવવા,
જળ નહીં પણ મૃગજળ તો થયા!!

કયારેય સમયના ચક્રો ખસે જ નહી,
એવી એક પ્રેમની શાશ્વત પળ થયા

લો,એક વાતમાં કાયમ નિષ્ફળ થયા,
સફળ થવામાં સદૈવ નિષ્ફળ થયા!!

ભરત વૈષ્ણવ...

## પુસ્તક પરિચય

### નામઃ માવજી મહેશ્વરી નો વાર્તાલોક

### સંપાદકઃ અજય સોની

સંપાદક અજય સોની ટૂંકી વાર્તા નવલકથા અને લલિત નિબંધો પણ લખે છે. કચ્છના વાર્તાકારો માં ૨૧મી સદીનો નવો ચહેરો છે. ટૂંકી વાર્તા નું પહેલું પુસ્તક 'રેતીનો માણસ' આપેલ છે. જેમાં તેમને સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા યુવા પુરસ્કાર મળેલ છે. અને આ જ પુસ્તક માટે અજય સોની ને અંજલી ખાંડવાલા પુરસ્કાર પણ મળેલ છે. અજય સોની ની પહેલી લઘુનવલ 'કોરું આકાશ'ને અખિલ હિન્દ મહિલા પરિષદ સુરત દ્વારા ઈનામ અપાયેલ છે.




ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ થી પ્રકાશિત પુસ્તક માવજી મહેશ્વરી નો વાર્તાલોકની પ્રથમ આવૃત્તિ ૨૦૨૩ છે. અને કિંમત ૨૦૦ રૂપિયા છે. આ પુસ્તક

જેસલ- તોરલની તપોભૂમિ અંજારના કર્મઠ કલાકારો - કસબીઓને આદરપૂર્વક.... આપણી કરવામાં આવ્યું છે.

'આ ક્ષણે' માં અજય સોની નું કહેવું છે કે વાર્તા રાસિકોને માવજી મહેશ્વરીની ઉત્તમ વાર્તાઓ એક જ સ્થાને મળી રહે એ આશયથી આ સંપાદન કર્યું છે.

માવજી મહેશ્વરી ના ચાર વાર્તા સંગ્રહોમાંથી ૧૯ વાર્તાઓ સંપાદિત કરેલ છે. માવજી મહેશ્વરીએ નવ વાર્તાસંગ્રહો આપે છે. જેમાં 'અદ્રશ્ય દિવાલો', 'પવન', 'ખોવાઈ ગયેલું ગામ', અને ઝાંપો ટૂંકી વાર્તા ના સંગ્રહો છે બીજું લાંબી ટૂંકી વાર્તા નો સંગ્રહ છે તો સરપ્રાઈઝ અને ધુમ્મસ એ લોભ ભવ્ય વાર્તા ના સંગ્રહો છે એમને હસ્તરેખા નામે એક સંમેલન કથાઓનો સંગ્રહ પણ આપે છે તો કચ્છી ભાષામાં રક્ત નામનો એક વાર્તા સંગ્રહ આપેલો છે.

અદ્દશય દિવાલો, ભરોસો, કંડલા-કાબી, છુટકારો,જોગણ, દૂર.... ખૂબ દૂર...., નદી, નાગ, ભગવાન અને જીવણલાલ, ખોવાઈ ગયેલું ગામ, કાકા ની નિશાની, રણ, પલટાતો પવન, પંખીનું ટોળું, બંધ ઘડિયાળ, ઝાંપો, સગું, વાસ, આંખોમાં રણ, એમ ૧૯ વાર્તાઓ સંપાદિત થયેલ છે.

અને માવજી મહેશ્વરી વિશે વિશેષ માહિતી પણ આપેલ છે. માવજી મહેશ્વરી પ્રતિનિધિ વાર્તાઓ, માવજી મહેશ્વરી સાથે મુલાકાત, માવજી મહેશ્વરીના મળેલા પારિતોષિકોવાર્તાઓમાં લોકજીવન ની મીઠાસ અનુભવાય છે.ભારતી વાઘેલા

# પાળીયાદ પ.પુ.શ્રી વિસામણબાપુ ની જગ્યા મા અમાસનાં પ. પૂ. શ્રી વિહળાનાથ ના દર્શન તેમજ પ્રસાદ નુ ખુબ મહત્વ છે...

વિહળધામ પાળીયાદ પરમ પુજ્ય શ્રી વિસામણબાપુ ની દેહાણ પરંપરાની જગ્યા કે જ્યાં ૨૨૭ વર્ષ થી ધર્મ ના ત્રણ ધજાગરા સદાવ્રત ભજન , ભોજન અને ભક્તિ ના ઉભા છે જ્યાં રોટલો ને ઓટલો દિવસ ને રાત ચોવીસ કલાક મળી રહે છે...


પુજ્ય વિસામણબાપુ દ્વારા વર્ષો પહેલા ઘી ગોળ ને ચોખા નો પ્રસાદ નો સદાવ્રત શરૂ કરેલ તે અવિરત સેવાગંગા આજે પણ શરૂ છે અને ખૂબ શ્રધ્ધાળુ , યાત્રિકો અને દિનદુખીયા અહીં પ્રસાદ નો રોજે લાભ લે છે...

પુજ્ય ઉનડબાપુ એ ભાવિકો ને અમાસ ના દિવસે અમાસ ભરવી અને ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર અને પ. પૂ. શ્રી વિહળાનાથ ના દર્શન તેમજ અમાસ ના દિવસે ધજા ચડાવવી એવી પરંપરા શરૂ કરેલ જે આજ દિવસ સુધી શરૂ છે...

જે કોઈ સેવક ની ધજા અને રસોઈ લખાવેલ હોય એમને દર અમાસે વારા પ્રમાણે લખાવેલ રસોઈ અને ધજા નો લાભ મળે છે અમાસ ના દિવસે ધજા અને રસોઈ ના યજમાન પરીવાર ને પ્રથમ બ્રાહ્મણો દ્વારા ધજા નુ પૂજન કરાવવામા આવે છે ત્યાર બાદ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે ધજા ને પરીવાર ના લોકો માથે ચડાવી ધજાગરા પાસે આવે છે અને ત્યાં પાળીયાદ જગ્યાના મહંત ગાદીપત્તી ધજા ને વધાવે છે અને નમન કરી માથે ચડાવે પછી ધજા ચડાવવામા આવે છે આ કાર્યકાળ દર અમાસ ના દિવસે હોય છે અને પાળીયાદ ના શ્રધ્ધાળુ ભાવિકો દર અમાસ ભરવા અને દર્શન કરવા ખૂબ મોટી સંખ્યામા અને દૂર દૂર થી આવે છે આ સંખ્યા આજની તારીખે ભાવિકો ની વધતી વધતી એક લાખ થી વધી ગઈ છે...

અમાસ ના દિવસે પાળીયાદ મા એક મેળા જેવો માહોલ હોય છે

લોકો આવે છે પ્રભુ શ્રી રાઘવેન્દ્ર સરકાર અને પ. પૂ. શ્રી વિહળાનાથ ની સમાધિ સ્થાન દેવળે



માથુ નમાવી માનતા કે પ્રાર્થના કરે છે ને આશીર્વાદ મેળવે છે ને પાળીયાદ ના ઠાકર ને રોકડીયો ઠાકર કહેવામા આવે છે મન ની ઈચ્છા જલ્દી પુરી કરે છે...

શ્રધ્ધાળુ ત્યાં વંશ પરંપરાગત ના ઠાકર અને મહંત ની સમાધિ સ્થાન દેરીએ માથુ નમાવી દર્શન પ્રાર્થના અને આશીર્વાદ મેળવે છે અને વર્તમાન મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્માળાબા ઉનડબાપુ ના ચરણ સ્પર્સ કરી અને બાળઠાકર શ્રી પૃથ્વીરાજબાપુ ના દર્શન કરી અને જગ્યા ના સંચાલક અને અખિલ ભારતીય સંત સમિતિ ના કાયમી સદસ્ય પુજ્ય શ્રી ભયલુબાપુ ના દર્શન કરી ને વિસામણબાપુ ના જન્મ સ્થળ ઓરડા ના દર્શન અને પરચા પૂરતો પાણી નો અવેડો જેનુ ચરણામૃત લઈ ને અહી ની ગૌસેવા માટે બનાવેલ શ્રી બણકલ ગૌશાળા કે જ્યાં ૭૫૦ થી વધુ ગાયો છે એની મુલાકાત લે છે ને ગૌમાતા ને સપર્સ ને વહાલ કરી ને ગૌરજ માથે ચડાવે છે , અશ્વશાળા ની મુલાકાત લે છે ને જૂની વિન્ટેજ કાર નુ કલેકશન લોકોને નિહાળવા માટે જગ્યા દ્વારા કાચ ના સોકેસ બનાવી કરેલ છે જે ખૂબ આકર્ષણ નું કેન્દ્ર અને ફોટોગ્રાફી કરે છે ત્યારબાદ ભોજન પ્રસાદ આરોગે છે અને ખૂબ ધન્યતા દિવ્યતા અનુભવે છે અને પોતાના ગામ તરફ પ્રસ્થાન કરે છે...

પગપાળા દર્શને પણ ખૂબ લોકો આવે છે જે અમાસ ની આગળ ના દિવસે રાત્રી ના સમયે આ ભાવિકો આવી જાય છે ને ઉતારો કરે છે આવી રીતે અમાસ નો આખો દિવસ પાળીયાદ મા શ્રધ્ધાળુ ની ખૂબ ભીડ અને ઉત્સાહ અને ઉમંગ સાથે પસાર થાય છે...

પુજ્ય વિસામણબાપુ ની જગ્યા મા ખૂબ શ્રધ્ધાળુ ને આવકારો ને પ્રેમભાવ જગ્યા ના મહંત શ્રી અને સંચાલકશ્રી અને સેવક સમુદાય દ્વારા આપવામા આવે છે...

રણુજા ના રાજા અને બારબીજ ના ધણી રામદેવપીર ના અવતાર પુજ્ય વિસામણબાપુ ને માનવામા આવે છે અને એના પુરાવા પણ છે અને હજારો પરચા પણ પુરેલા છે

જેમને પાળીયાદ ના ઠાકર ની ઉપમા પણ છે અને રામદેવપીર ના વરદાન પ્રમાણે પેઢીએ પીર અને સવાયા પીર થશે એ પણ વચન નુ સત્ય સમયે સમયે નજરે જોય શકાય છે... આજ રોજ વિ.સં.૨૦૭૯ ને અષાઢ વદ- અમાસ ની પહેલી ધ્વજારોહણ અને મહાપ્રસાદ ના દાતાશ્રી જીવરાજભાઈ નરસિંહભાઈ તુરખીયા તથા સહપરિવાર મુ. બગડ, હાલ-વડોદરા તેમજ બીજી ધ્વજારોહણ અને મહાપ્રસાદનાં દાતાશ્રી જીવણભાઈ ધરમશીભાઈ પ્રજાપતિ તથા સહપરિવાર, મુ. તુરખા, હાલ-સુરત

અહેવાલ કનુભાઈ ખાચર

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના પરીવાર માટે તા.૨૩, જુલાઈ, રવીવાર સાંજે 'આનંદોત્સવ' અને ભોજન સમારોહ

લોહીની વારસાગત, જીવલેણ બિમારી થેલેસેમીયાનો ભોગ બનેલા કુમળા ફુલ જેવા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના સમગ્ર પરિવાર માટે હિરાભાઈ સાકરીયા, જયેશભાઈ સાકરીયા, ધર્મેશભાઈ સાકરીયા, માતુશ્રી રંજનબેન મનસુખભાઈ લાલ, લતાબેન મધુભાઈ પોપટ, બાપા સીતારામ દ્વારા રવીવાર, તા. ૨૩, જુલાઈ , સાંજે ૪–૦૦ કલાકે થી (સમયસર), મોઢવણિક બોર્ડિંગ, ૫–રજપુતપરા, રાજકોટ ખાતે આનંદોત્સવ તથા તમામ થેલેસેમીયા પીડીત બાળકો તથા તેમના પરીવારજનો માટે ભોજન સમારોહનું પણ આયોજન કરાયું છે. તમામ બાળકોને સંગીતમય શૈલીમાં વિવિધ ગેમ્સ રમાડવામાં આવશે અને વિવિધ આકર્ષક ગીફટો પણ આપવામાં આવશે..થેલેસેમીયા ગ્રસ્ત બાળકોના કાર્યક્રમમાં ગુજરાત રાજયના કેબીનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજકોટના લોકલાડીલા મેયર ડો. પ્રદિપભાઈ ડવ ખાસ ઉપસ્થિત રહી બાળકોને આશીર્વાદ આપશે.આ કાર્યક્રમમાં સૌ થેલેસેમીક બાળકોને પરીવાર સહ સમયસર ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ અપાયું છે. સમગ્ર આયોજન અંગે અનુપમ દોશી, મિતલ ખેતાણી, સુરેશભાઈ બાટવીયા, હિતેષભાઈ બાલાજી,ડો. રવિ ધાનાણી, લતાબેન પોપટ, ઉપેનભાઈ મોદી, હસુભાઈ રાચ્છ, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, પરસોતમભાઈ વેકરીયા, મનોજભાઈ ચૌહાણ, મિતુલભાઈ લાલ, હિરેનભાઈ લાલ, હિતેષભાઈ ગણાત્રા, લલીતભાઈ પુજારા, પ્રાગજીભાઈ કાકડીયા, શૈલેષભાઈ ચૌહાણ, જયરામભાઈ પટેલ, જીતુલભાઈ કોટેચા, ફાલ્ગુનીબેન હિંડોચા, મિત ખખ્ખર,વિનેશભાઈ હિંડોચા, રસીલાબેન ધીયા, જયોતીબેન બાટવીયા, અનીલભાઈ કવા, પરીમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, નૈષધભાઈ વોરા, ભાસ્કરભાઈ પારેખ, મહેશભાઈ જીવરાજાની, કિશોરસિંહ બારડ, દિગુભા બારડ, અરવિંદભાઈ પારેખ, દશરથભાઈ પારેખ, સંદીપભાઈ પાલા, ધર્મેશભાઈ સોની, કેતનભાઈ બોરીયા, જીતુભાઈ ગાંધી, જનાર્દન આચાર્ય, દિનેશભાઈ ગોવાણી, દિનેશભાઈ ધામેચા, જે.જે. પોપટ, મયુરભાઈ મહેતા, ધર્મેશભાઈ સાકરીયા, પંકજભાઈ ગોહેલ, રાહુલભાઈ ગોહેલ, ધૈર્ય રાજદેવ, હંસાબેન રાજદેવ, હિતેષ સવાણી, મીતેષભાઈ ઓંધીયા, વિપુલભાઈ ભટ્ટ, કૃપાલીબેન ખખ્ખર, મહેશભાઈ વ્યાસ વિગેરેની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# પવિત્ર પુરૂષોતમ માસ નિમિતે એનીમલ હેલ્પલાઈનને અનુદાન આપવા અપીલ

**સમગ્ર ભારતની નિઃશુલ્ક પશુ-પક્ષી સારવાર ક્ષેત્રની નંબર વન સંસ્થા. જીવદયા ક્ષેત્રે ભારત સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન ની ૧૯ વર્ષની જીવદયા યાત્રા**

**૧૧ એમ્બ્યુલન્સ, ત્રણ બાઈક એમ્બયુલન્સ તેમજ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં ૯ લાખ જેટલા જીવોની વિનામૂલ્યે સ્થળ ઉપર જ સારવાર**


**જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર, મોરબી, વેરાવળ, બોટાદ સહિતના ૩૦ સેન્ટરોમાં એનીમલ હેલ્પલાઈન ચાલુ કરાવવામાં રાજકોટની ટીમ નીમીત બની.**

**વાર્ષિક પાંચ કરોડના માતબર ખર્ચે સેવારત નિઃશૂલ્ક એનીમલ હેલ્પલાઈન, નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ, શેલ્ટર (પાંજરાપોળ) તથા અન્નક્ષેત્ર સેવારત**

રાજકોટમાં છેલ્લા ૧૯ વર્ષથી એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. કરૂણા ફાઉન્ડેશનની એનીમલ હેલ્પલાઈનની સેવા કરતા સ્ટાફને જાણવા મળ્યું કે, આ નિરાધાર અને રસ્તે રઝળતા પશુઓને ખાવા-પીવાનો પણ અભાવ છે, આ જાણી સંસ્થા દ્વારા સૌરાષ્ટ્રનું પશુ-પક્ષીઓનું હરતુ-ફરતુ અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું. આ અન્નક્ષેત્ર શરૂ કર્યા બાદ સંસ્થાએ આ પ્રકારના બીજા અનેકો અન્નક્ષેત્રો ચાલ કરવાની અન્ય સંસ્થાઓને પ્રેરણા આપવામાં સફળ બન્યા. સંસ્થાની ૧૯ વર્ષની સેવા યાત્રાની સફળતામાં સંસ્થાના કર્મયોગી ડોકટર્સ તેમજ અન્ય ૪૦ જેટલા કર્મયોગી કર્મચારીઓની રાત-દિનની જહેમત પણ રંગ લાવી છે. છેલ્લા ૧૯ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. રસ્તે રઝળતાં નિરાધાર બીનવારસી પશુ પક્ષીઓની તેમજ રેલ્વે ટ્રેક પર અકસ્માતે ઘવાયેલી ગૌમાતાઓને અને રોડ અકસ્માતનો ભોગ બનેલ નાના—મોટા પશુઓને પણ આ સારવાર લાભ મળે છે. જેને કોઇ પુછનાર નથી એવા અબોલ જીવોની સારવારનું કાર્ય સૌના સાથ-સહકારથી થાય છે. અત્યાર સુધીમાં ૯,૦૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, દસ એમ્બ્યુલન્સ તેમજ બે બાઇક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૧૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન-સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/ પાંજરાપોળ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલ માં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. કુતરીઓના ૬૫૦ જેટલા સીઝરીયન ઓપરેશન, ૬૭૩ થી વધારે ગૌ માતાના હોર્ન કેન્સરના (શીંગડાનું કેન્સર) ઓપરેશન કરવામાં આવ્યા છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ગૌશાળામા ૨૬૦ જેટલા પશુ રોગ નિદાન-સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે. ઉપરાંત, ભારતનો સર્વ પ્રથમ એવો ''પશુ-પક્ષીઓના અંધત્વ નિવારણ માટેનો કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, સતત કરવામાં આવે છે. ગૌમાતામાં વ્યાપ્ત લમ્પી રોગની ૨૦,૦૦૦ જેટલી ગૌમાતાઓને સમગ્ર ગુજરાત તથા રાજસ્થાનમાં લમ્પી રોગથી બચાવવા રસીકરણ કરાયું, સારવાર અપાઈ.

ગૌશાળાઓમાં વૃક્ષારોપણ અભિયાન, અવેડા તેમજ ચબુતરા બનાવવા – ટ્રેવીસ તેમજ અન્ય સાધન સામગ્રી ફીટ કરાવવી સહીતની પ્રવૃત્તિઓ સતત થતી રહે છે. સૌરાષ્ટ્રના સૌપ્રથમ એવા શ્વાન તથા બિલાડીઓના માટેના ''દંત ચિકિત્સા કેમ્પ×, ''ચર્મ ચિકિત્સા કેમ્પ, ''નેત્ર ચિકિત્સા કેમ્પનું'' આયોજન કરવામાં આવ્યું હતુ. કતલખાને જતા ગૌવંશ, ગૌમાતા, મરઘા, પક્ષીઓ વિ. ને બચાવવામા ટ્રસ્ટ આવી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને મદદ રૂપ થાય છે. અનેકવાર માછીમારીની જાળ પકડીને હજારો માછલીઓને બચાવાઈ છે. ૧૯ વર્ષમા ૨૦,૦૦,૦૦૦ ચકલીના માળા, પક્ષીના પાણી પીવાના કુંડાનુ નિઃશુલ્ક વિતરણ કરાયુ છે. ગૌમાતાની પાણી પીવાની કુંડી સંસ્થા દ્વારા નિઃશુલ્ક આપવામાં છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ અને પાંજરાપોળ પણ ચલાવવામાં આવે છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







NOG SS No: 151
વિષય - પ્રસંગ.
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક - સાચવી જાણે.

સૌ વહેવાર સાચવી જાણે,
પ્રસંગ ઉજવી પ્રસંગને માણે.

બેઉ વચ્ચે વિવાદ વકરે તો,
બે પક્ષો એકમેકનું તાણે,

બંગલો જોઈ ભુખ ના ભાંગે,
તૃપ્તિ મળશે અનાજના દાણે.

કામ ટાણે વહાલ વરસાવે,
તે પછી મોં બગાડશે ટાણે.

સાસરિયા દહેજ ના માંગે,
વ'ઉ દસૈયા પછી જશે આણે.

અનિલ દવે. ("અનુ")

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0078
પ્રકાર - પદ્ય ( છંદોબદ્ધ કાવ્ય)
વિષય - પ્રસંગ
શીર્ષક - થયો છે ઉત્સવ

૫ જુલાઈ, ૨૦૨૩એ મારી મોટી દીકરી કવિનાએ એક સુંદર પરી જેવી દીકરી(ખુશવી)ને જન્મ આપ્યાનો જન્મોત્સવનો શુભ પ્રસંગ બન્યો. એના પર લખેલું છંદોબદ્ધ કાવ્ય અહીં રજૂ કરું છું.

અચાનક એકસાથે કેટકેટલી ઘંટડીઓનો થયો ઘંટારવ;
મૃદંગો, મંજીરા ને શંખ ધ્વનિ-ભાસ જાણે કે હો કોઈ ઓચ્છવ.

ટકોરા ક્યારનું દેતું'તું હળવેથી કોઈ, મનમાં થતો'તો પગરવ;
અમારે આંગણે આવ્યો નવો મહેમાન ને ઘરમાં થયો છે ઉત્સવ?.

નવા નક્કોર દેહની મહેક! કોમળ સ્પર્શ, ભોળું હાસ્ય ને મન કેવું?
સુઘડ, પાવન, ખરું નિર્દોષ, પુલકિત કરતું સૌને જાણે રણમાં કલરવ.

જુએ છે કેવું મારી સામે જુઓ તો ખરા કે ઓળખી ગઈ જાણે;
નથી સંબંધ 'શ્વેતા' બા, ફ.કત આ જન્મનો, આપણ મળ્યાં'તા ગત ભવ.
- શ્વેતા તલાટી

## સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ૨૪મી સપ્ટેમ્બરે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૪-૯-૨૦૨૩ને રવિવારના રોજ સમગ્ર ગુજરાતના સમસ્ત બ્રહ્મસમાજના યુવક યુવતીઓ માટે જીવનસાથી સંમેલન યોજવાનું આયોજન કરવામાં આવ્યુ છે. દરેક જગ્યાએ યોજવામાં આવતા જીવનસાથી સંમેલન કરતાં કંઈક અલગ અને અનેરૂ આ સંમેલન યોજવામાં આવશે. જેમાં યુવક યુવતીના બાયોડેટાની સંપૂર્ણ ચકાસણી અને ખરાઈ સમાજ દ્વારા કરવામાં આવશે અને તેમની ઉંમર, અભ્યાસ, નોકરી, રહેઠાણ, વતન વગેરે જોઈ તપાસી જે યુવક-યુવતી સાથે બંધ બેસતા હશે તે પ્રમાણે સંસ્થા દ્વારા જ અલગ અલગ કરીને તેમની બેઠક યોજવામાં આવશે અને તે મુજબ આખા દિવસનો કાર્યક્રમ કરવામાં આવશે. આ માટેના ફોર્મ શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, શ્રી સોમનાથ મહાદેવ મંદિર રંગમંચની સામે સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતેથી મેળવી શકાશે અને ફોર્મ ભરીને બ્રહ્મભવન સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે તા. ૧૫-૮-૨૦૨૩ સુધીમાં પરત કરવાના રહેશે. વધુ વિગતો અને ઓનલાઈન ફોર્મ મેળવવા માટે સમાજના ખજાનચી નરેન્દ્ર વ્યાસ મો. ૯૮૯૮૦૩૨૬૫૯ ઉપર સંપર્ક કરવા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ નરેશ દવે અને મહામંત્રી મુકેશ શુકલ દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# એમસીએક્સ પર કીમતી અને બિનલોહ ધાતુઓ, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સંકડાઈ ગયેલી વધઘટ

કોટન-ખાંડી વાયદામાં રૂ.૮૦નો સુધારોઃ મેન્થા તેલ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૬,૧૫૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૨૭૦૧.૬૯ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૨ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૧૦,૧૦૩ સોદાઓમાં કુલ રૂ.૧૮,૮૬૮.૬૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૧૫૫.૩૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૨૭૦૧.૬૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૪,૨૭૯ સોદાઓમાં રૂ.૩,૭૩૦.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૭૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૮૭૮ અને નીચામાં રૂ.૫૯,૬૭૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૩ ઘટી રૂ.૫૯,૭૧૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૪ વધી રૂ.૪૮,૨૬૩ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ વધી રૂ.૫,૯૩૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧ ઘટી રૂ.૫૯,૫૯૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૬,૧૫૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૬,૨૫૪ અને નીચામાં રૂ.૭૫,૯૧૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૧ ઘટી રૂ.૭૬,૦૨૨ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૯૫ ઘટી રૂ.૭૫,૮૦૭ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૯૩ ઘટી રૂ.૭૫,૮૦૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૬૭૯ સોદાઓમાં રૂ.૧,૩૨૮.૪૭ કરોડના વેપાર થયા હતા. તાંબુ જુલાઈ વાયદો રૂ.૭૨૨.૪૫ના ભાવે ખૂલી, રૂ.૪.૯૦ ઘટી રૂ.૭૧૯.૮૫ જ્યારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧ ઘટી રૂ.૧૯૬.૩૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૧૨ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૯૬.૪૫ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૧.૯૫ જસત-મિની જુલાઈ વાયદો રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૧૨.૫૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૭,૧૨૭ સોદાઓમાં રૂ.૧,૦૮૪.૧૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૨૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૬૫ અને નીચામાં રૂ.૬,૧૮૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬ વધી રૂ.૬,૨૨૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૮ વધી રૂ.૬,૨૩૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૮ના ભાવે ખૂલી, રૂ.૧.૬૦ ઘટી રૂ.૨૧૫.૨૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૧.૫ ઘટી ૨૧૫.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૨.૬૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૯૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૧૪૦ અને નીચામાં રૂ.૫૬,૯૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૦ વધી રૂ.૫૭,૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯.૮૦ ઘટી રૂ.૮૭૯.૮૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૩૬.૬૭ કરોડનાં ૩,૪૦૨.૪૫૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૬૯૩.૪૦ કરોડનાં ૨૨૨.૨૯૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૭૭.૧૩ કરોડનાં ૭૬૬,૨૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૦૭.૦૨ કરોડનાં ૨૮,૧૫૧,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

**નૈમિષ ત્રિવેદી**

ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૫૧.૨૩ કરોડનાં ૭,૬૭૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૩.૨૦ કરોડનાં ૧,૮૧૯ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭૯૧.૦૬ કરોડનાં ૧૦,૯૫૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૫૨.૯૮ કરોડનાં ૧૬,૫૮૨ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૪૭ કરોડનાં ૪૩૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૦.૨૦ કરોડનાં ૧૧૪.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૨૭૦.૭૩૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૭૧.૨૬૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૬,૮૧૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૨૫૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૬૨૧ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૧,૫૦૯ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૮૩૯,૬૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪૮,૯૬૯,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૮,૩૮૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૫૫.૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૧.૬૩ કરોડનાં ૧૪૩ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૪૯૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૬,૨૬૮ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૯૬ અને નીચામાં ૧૬,૨૨૧ બોલાઈ, ૭૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૧ પોઈન્ટ ઘટી ૧૬,૨૪૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૨૭૦૧.૬૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૨૬૫.૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૮૧.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૫૮૭.૯૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૪૬૦.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૩૫.૨૬ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૪૫.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૭૯ અને નીચામાં રૂ.૨૩૯.૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮.૨૦ વધી રૂ.૨૬૨ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૪.૭૫ અને નીચામાં રૂ.૩.૯૦ રહી, અંતે રૂ.૦.૮૦ ઘટી રૂ.૪.૨૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૯.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૮ અને નીચામાં રૂ.૧૯૨.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૫.૫૦ વધી રૂ.૨૨૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૮.૫૦ અને નીચામાં રૂ.૧૮૫ રહી, અંતે રૂ.૨૪.૫૦ વધી રૂ.૨૧૭.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૪૦ના ભાવે ખૂલી, રૂ.૨૫ ઘટી રૂ.૧,૭૦૦.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૫૯ના ભાવે

આભાર - નિહારીકા રવિયા ખૂલી, રૂ.૧૫ ઘટી રૂ.૧,૮૫૫.૫૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૨૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૭૭ ઘટી રૂ.૧.૨૯ જસત ઓગસ્ટ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૮ વધી રૂ.૩.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૪૭ અને નીચામાં રૂ.૨૧૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪.૩૦ ઘટી રૂ.૨૩૦.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૪.૩૦ અને નીચામાં રૂ.૩.૪૦ રહી, અંતે રૂ.૦.૫૫ વધી રૂ.૪.૦૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૬.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૫ અને નીચામાં રૂ.૮૦.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩ વધી રૂ.૧૦૫.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૦ અને નીચામાં રૂ.૧૩૮.૫૦ રહી, અંતે રૂ.૨૫ વધી રૂ.૧૮૮ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૦૬ના ભાવે ખૂલી, રૂ.૪૩.૫૦ વધી રૂ.૧,૬૨૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૩૮.૫૦ના ભાવે ખૂલી, રૂ.૪૪.૫૦ વધી રૂ.૧,૫૬૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૩૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૧.૭૧ વધી રૂ.૧૨.૩૧ થયો હતો.

# અમદાવાદમાં કુબેરનગર ખાતે રાજ્યની પ્રથમ મેગા આઈટીઆઈની નવનિર્મિત અધતન બહુમાળી ઇમારત કાર્યરત

અહેવાલ – ગોપાલ મહેતા, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ

રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા ઉદ્યોગોમાં હાલની ઊભરતી ટેક્નોલોજી અંગેની તાલીમ આપવા માટે ૪૧ નોડલ આઈ.ટી.આઈ.ને મેગા આઈ.ટી.આઈ તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. એટલું જ નહીં, અમદાવાદમાં આઈ.ટી.આઈ -કુબેરનગર, રાજકોટ, વડોદરા-તરસાલી, સુરત અને દાહોદ ખાતે પણ મેગા આઈ.ટી.આઈ. સ્થપાવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. હાલમાં અમદાવાદમાં આઈ.ટી.આઈ – કુબેરનગરની શરૂઆત થઈ છે, જે ગુજરાતમાં શરૂ થનાર અન્ય પાંચ મેગા આઈ.ટી.આઈ. પૈકીની પ્રથમ છે.

કુબેરનગરની મેગા આઈ.ટી.આઈ.માં ૬થી ૮ સેક્ટોરલ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ હશે, જે ઊભરતી ટેક્નોલોજી અને અદ્યતન કૌશલ્યોની તાલીમ પ્રદાન કરશે. એટલું જ નહીં, ઈન્ડસ્ટ્રી ૪.૦ને ધ્યાનમાં રાખી માંગ આધારિત અને નવીન અભ્યાસક્રમો તાલીમાર્થીઓને ઓફર કરવામાં આવશે.

આઈ.ટી.આઈ. કુબેરનગરની રૂ. ૨૮.૪૬ કરોડના ખર્ચે નવનિર્મિત અદ્યતન બહુમાળી બિલ્ડિંગની વાત કરીએ તો, આ નવનિર્મિત બહુમાળી મકાનમાં વિદ્યાર્થીઓ માટે ૪૫ વર્કશોપ, ૩૫ થિયરી રૂમ, ૧૪ અન્ય રૂમો જેમ કે પ્લેસમેન્ટ કાઉન્સિલિંગ રૂમ, આઈ.ટી.લેબ, કોન્ફરન્સ હોલ, કેન્ટીન, સ્ટાફ રૂમ, વહીવટી રૂમની સુવિધાઓ ઉપ્લબધ કરાવવામાં આવી છે. હાલમાં આઈ.ટી.આઈ. કુબેરનગરમાં ૪૧ ટ્રેડમાં ૪૬૦૮ બેઠકો ઉપલબ્ધ છે.

★બોક્સ - આઈ.ટી.આઈ. કુબેરનગરમાં તાલીમાર્થીઓ માટે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ★

મેગા આઈ.ટી.આઈ., કુબેરનગરમાં સ્ટુડન્ટ્સ ફેસિલીટેશન સેન્ટર અને ઈન્ટ્રેક્ટિવ બોર્ડ તેમજ એ.આઈ.કેમેરા સાથેના સ્મા?ર્ટ ક્લાસ, મહિલાઓને લગતા ખાસ ટ્રેડ જેમ કે ડ્રેસ મેકિંગ, કોમ્પ્યુટર, સ્ટેનો અંગ્રેજી, આઈ.ટી, ઈલેક્ટ્રોનિક્સ, પેઈન્ટર, ઉપરાંત મેથ્સ લેબ, કોમ્પ્યુટર લેબ, કેમિકલ લેબ, ઈન્સ્ટ્રુમેન્ટેશન, લેબ, સોલાર લેબ, પ્લેસમેન્ટ સેલ, હેલ્થ એન્ડ સેનેટરી ઈન્સપેક્ટર, સી.એન.સી અને વી.એમ.સી જેવા આધુનિક મશિન દ્વારા મિકેનિકલ ટ્રેડમાં તાલીમની સુવિધાઓ ઉપલબ્ધ છે. તદુઉપરાંત મહિલા તાલીમાર્થીઓ માટે સાઈકલ, પ્લેસમેન્ટ, ધંધા રોજગાર માટે માર્ગદર્શન તેમજ એક્સપર્ટ દ્વારા સોફ્ટ સ્કિલની તાલીમ આપવામાં આવે છે.

★બોક્સ ર્ૈં કુબેરનગરમાં સેન્ટર ઓફ એક્સેલન્સનો પ્રારંભ★



ર્ૈં કુબેરનગરમાં સેન્ટર ઓફ એક્સેલન્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ટેલિકોમ સેક્ટર સ્કિલ કાઉન્સિલનું 'સેન્ટર ઓફ એક્સેલન્સ' એ ભારતીય યુવાનોમાં કૌશલ્ય તફાવતને દૂર કરવાની પહેલ છે. આ સેન્ટર ઓફ એક્સેલન્સ ૫-ય, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, સિક્યોરિટી અને સર્વેલન્સ, હેન્ડસેટ રિપેર, ડ્રોન અને લાઈન એસેમ્બલી માટે રોજગારી કૌશલ્ય પ્રદાન કરવા માટે વિકસાવવામાં આવ્યું છે. આ સેન્ટરમાં નોકરીની ભૂમિકાને લગતી તમામ અદ્યતન ટેકનિકો, મશીનો અને સાધનો છે અને સમગ્ર ગુજરાત રાજ્યમાં આ પ્રકારનું પ્રથમ સેન્ટર ઓફ એક્સેલન્સ છે. આ સેન્ટરમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૦૨૪ માટે વિવિધ અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

આઈ.ટી.આઈ. કુબેરનગરમાં કૌશલ્ય સ્કિલ યુનિવર્સિટીના સહયોગથી 'વુડ વર્કિંગ એન્ડ પ્લમ્બિંગ સેન્ટર ફોર એડવાન્સ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ભારતનું પ્રથમ સેન્ટર છે, જેમાં વુડવર્કિંગ અને પ્લમ્બિંગ સેક્ટરના અત્યાધુનિક ટેક્નિક, મશીન અને સાધનો વસાવવામાં આવ્યાં છે. આમાં કેએસયુ દ્વારા માન્ય અને માર્કેટની જરૂરિયાત અનુસાર લોંગ ટર્મ અને શોર્ટ ટર્મ સર્ટિફિકેટ, તેમજ ડ્પ્લોમાં અને ડિગ્રી કોર્સ ચલાવવામાં આવશે. આ સેન્ટરમાં માર્કેટની જરૂરિયાત અનુસાર આધુનિક ટેક્નોલોજી, કૌશલ્ય અને પ્રોડક્ટનું પ્રદર્શન કરવામાં આવશે.

આમ, આજનો યુવાન મેક ઈન ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા જેવા સરકારના મહત્ત્વાકાક્ષી મિશન સાથે ખભે-ખભો મિલાવી ચાલી શકે તેમજ આત્મનિર્ભર બની સ્વરોજગારી મેળવી શકે તે માટે રાજ્યની આઈ.ટી.આઈ. દ્વારા તેને અનુરૂપ અભ્યાસક્રમો અને જુદી-જુદી સ્કીમો ચલાવવામાં આવી રહી છે. મેગા આઈટીઆઈ, કુબેરનગર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્કીલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં આગળ વધી રહી છે.

## ઈંડુ કોઈ પણ રીતે શાકાહારી નથી.

**હાલમાં પણ સમાજનો મોટો વર્ગ માને છે કે ઈંડા એ શાકાહારી ખોરાક છે. આવા લોકોને અમુક વર્ગ દ્વારા એવો પાઠ ભણાવી દેવામાં આવ્યો છે કે ઈંડા શાકાહારી છે જો કે આ વાત બિલકુલ ખોટી છે. જો ઈંડુ શાકાહારી છે તો કઈ રીતે ? એ સમજાવવા માટે એવું કહેવામાં આવે છે કે ઈંડુ એ એક કોષ(સેલ)થી બનેલું છે એટલે શાકાહારી છે.જો એ સેલ હોય તો તો એને નરી આંખે પણ ન જોઈ શકાતું હોત કારણ કે કોષ(સેલ)ને જોવા માટે માઈક્રોસ્કોપની આવશ્યકતા રહે છે, પરંતુ ઈંડાને જોવા માટે નરી આંખો કરવાની કે માઈક્રોસ્કોપની જરૂર પડતી નથી.**

**હકીકતમાં જે લોકો ઈંડાનું સેવન કરે છે એ જુદી જુદી વાતો દ્વારા એ સાબિત કરવા માંગે છે કે ઈંડુ એ શાકાહારી છે કારણ કે એ એક કોષીય જીવ છે અર્થાત ઈંડુ ફક્ત સ્ત્રી કોષથી જ બનેલું છે એટલે કે એ માત્ર કુકડીનું બનેલું છે.**

**દરેક સ્ત્રીને માસિક થાય છે. મનુષ્યને દર મહિને થાય છે જ્યારે કુકડીને અમુક નિશ્ચિત સમય બાદ અમુક પ્રકારે માસિક થાય છે. અપરિણિત સ્ત્રીને દર મહિને માસિક થાય છે જ્યારે પરિણીત સ્ત્રીને સમાગમ બાદ જો ગર્ભ રહે તો માસિક આવતું નથી. કુકડીને પણ એવું જ હોય છે. ઈંડા અંગે જે કોઈ દલીલો કરવામાં આવે છે એમાં ખરેખર એવું છે કે જો ઈંડુ એ ફક્ત એક જ સેલથી બનેલું હોય એટલે કે સ્ત્રી સેલ મતલબ કુકડીનાં સેલથી બનેલું હોય તો ઈંડા ખાનાર લોકો જાગૃત થઈ જાવ તમે કુકડીનું માસિક ખાઈ રહ્યા છો અને જો ઈંડુ બે સેલનું હોય એટલે કે મેલ અને ફિમેલનું તો તમે કૂકડા અને કુકડીનાં સમાગમ પછી બનેલું એક અવિકસિત જીવ ખાઈ રહ્યા છો. ઈંડા ખાનાર વ્યક્તિઓ જાગૃત થઈ જાવ અને અન્યોને પણ જાગૃત કરો. શાકાહારી બનો.**

# પાળીયાદ વિસામણ બાપુની જગ્યા ખાતે અશ્વ રોગ નિદાન અને સારવાર શિબિર યોજાઈ




આજ રોજ તારીખ ૧૮/૦૭/૨૦૨૩ને મંગળવાર ના રોજ પાળિયાદ પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુ ની જગ્યા ખાતે સ્વ. શ્રી આર. ડી. ઝાલા સાહેબ ની સ્મરણાંજલિ નિમિત્તે શ્રી કામધેનુ યુનિવર્સિટી ની બે વેટેનરી કોલેજો જુનાગઢ અને આણંદ ના તબીબી નિષ્ણાંતો દ્વારા અશ્વ રોગ નિદાન અને સારવાર શિબિર નું આયોજન થયેલ શિબિરનાં દિપ પ્રાગટયમાં પ. પૂ. શ્રી વિસામણબાપુ ની જગ્યા ના મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા, જગ્યાનાં વ્યવસ્થાપક અને અખિલ ભારતીય સંત સમિતિનાં કાયમી સદસ્યશ્રી પૂજ્ય ભયલુબાપુ , ડૉ. પી.એચ. ટાંક , ડૉ. મારડીયા સાહેબ (નિવૃત્ત નિયામક ) તેમજ સ્વ. આર. ડી. ઝાલા સાહેબનાં દિકરીબા શ્રી પુનિતાબા અને ભાવનગર મંગલમહેલ શ્રી મમતાબા હાજર રહેલ સ્વ. ઝાલા સાહેબની સ્મરણાંજલિ તથા અશ્વ નું વર્તમાન સમય માં સાતત્વ અને સ્વાસ્થયનું મહત્ત્વ જેવી વાતોનું સંકલન પૂર્ણ કરી જગ્યાની ફૂલવાડી માં પાંચાળ અને ભાલ પ્રદેશનાં અશ્વપાલકો પોતાના અશ્વો સાથે શિબિરમાં ભાગ લીધેલ સર્જરી ગાયનેકોલોજી અને મેડીશીનનાં જુદા જુદા નિષ્ણાંતો દ્વારા કુલ ૯૬ જેટલા અશ્વોની ગર્ભાશય ની ચકાસણી, પગ લંગડાશની તપાસ , આંખ ચામડી તથા અન્ય રોગો ની લેબોરેટરી તપાસ અને સારવાર ની કામગીરી થઈ તેમજ બધા જ અશ્વોને ધનુર અને ઝેરબાજ અને જીવલેણ થાય તેવા રોગો સામે ની રશી મૂકાઈ અને પેટસૂડ ની બીમારી ઘટાડવા અશ્વોને કરીમિયા ની દવા કરેલ આશરે ૨૦૦ જેટલા અશ્વપાલકો અને અશ્વ પ્રેમીઓ એ ભાગ લીધેલ આ કાર્યક્રમ માં શ્રી કામધેનુ યુનિવર્સિટીના ડૉ. ભટ્ટ , ડૉ હડિયા , ડૉ. વાળા , ડૉ. વડલિયા , ડૉ. ગર્ગ , ડૉ. સાવરકર અને ડૉ. ઉમેશ પટેલ સાહેબ ની ટીમ સાથે અનુસ્નાતક વેટેનરી રેસિડેન્ટ સૌએ મળીને જુદા જુદા અશ્વોનું નિદાન અને સારવાર કરી ત્યારબાદ જગ્યાનાં મહંત પ. પૂ. શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા એ આશીર્વચન અને પૂજ્ય ભયલુબાપુ અને જસદણ રાજવી શ્રી સત્યજીતકુમાર સાહેબએ પુરી ટીમ ને અભિનંદન પાઠવેલ અને પૂજ્ય શ્રી ભયલુબાપુ દ્વારા જુનાગઢ અને આણંદ ના સૌ ડોક્ટર્સ અને એમની પુરી ટીમ નું શાલ અને ઠાકર ના ફોટો આપી સૌ નું સન્માન કરેલ.

અહેવાલ કનુભાઈ ખાચર

# ચાણસ્મા નગરમા વિવિધ જગ્યાયે પડેલા ખાડા નગર પાલિકા ને ક્યારે દેખાશે??



(નિખિલ જોશીઃ પાટણ બ્યુરો)ચાણસ્મા

ચાણસ્મા નગર માં પ્રવેશ રસ્તે બસસ્ટેશન થી પાંજરાપોળ રોડ ખાડા ઓનું સામ્રાજય ચાણસ્મા શહેરમાં નગરપાલિકાની ઘોર બેદરકારીના પાપે અને અણધડ વહીવટના કારણે ચાણસ્મા શહેર ખાડા નગરી ની આવતી છાપ ઊભી થઈ રહી છે

જેના કારણે વિવિધ વિસ્તારો માર્ગો જોઈને દુઃખદ ની લાગણી વ્યક્ત કરી રહ્યા છે જ્યારે બીજી તરફ ચાણસ્મા શહેરના હાઈવે થી અંદર પ્રવેશ માર્ગો સહિત વિવિધ માર્ગો ઉપર ખાડા ના કારણે વાહન ચાલકો સહિત રાહદારીઓ પારાવાહિક છાશવારે હાલાકીનો સામનો ભોગવી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર ચાણસ્મા શહેરના બસસ્ટેશન થી પાંજરાપોળથી બજારમાં પ્રવેશ રસ્તાઓ ની હાલત ખુબ ખરાબ થઈ જવાથી ત્યાંથી પસાર થતા વાહન ચાલકો સહિત રાહદારીઓને પારાવારિક હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે વર્તમાન સમયમાં ચાણસ્મા નગરપાલિકા વિવિધ પ્રકારના વેરા વસુલાત કરવામાં અગ્રેસર બની રહી છે પરંતુ ચાણસ્મા નગરજનોની પ્રાથમિક સમસ્યા નું નિરાકરણ લાવવામાં સદંતર નિષ્ફળ નીકળી હોય તેમ વાહન ચાલકોમાં ચર્ચા તો પ્રશ્ન ઉઠવા પામ્યો છે. ચાણસ્મા નગરપાલિકા દ્વારા ચાણસ્મા શહેરના વિવિધ માર્ગો ઉપર ખાડા પુરવાની સત્વરે યોગ્ય કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ ચાણસ્મા નગરજનોની પ્રબળ માંગ ઉઠવા પામી છે

# સરકારી અહેવાલ મુજબ ૧૦૦% ભૂલ વાળા જિલ્લાને જ ૧૦૦% એક્યુરસી કામગીરીનો "ભૂમિ સન્માન" એવોર્ડ !??

વર્ષ ૨૦૧૦-૧૧ થી ગુજરાતમાં જમીનના રેકર્ડ મોર્ડનાઈઝ કરવાના ઉદ્દેશથી જામનગર અને બનાસકાંઠા ને પાઈલોટ પ્રોજેક્ટ થી શરૂઆત કરી ગુજરાતના ૧૮૦૪૭ ગામોના ૧ કરોડ ૨૫ લાખ સર્વે નંબરની જમીન માપણી કરવાની કામગીરી હાથ ધરાઈ હતી આ કામગીરી ભાજપના મળતીયાઓની અલગ અલગ ૮ કંપનીઓને કામગીરી સોંપવામાં આવી હતી આ કંપનીઓએ ભાજપના મળતીયાઓના ઈશારે ગુજરાતના ગામડાઓમાં સરકારી ખરાબાઓ અને ગૌચર ભાજપના આગેવાનો, મળતીયાઓને નામે કરવાની એક્યુરેસી કામગીરી કરવા સિવાય ખેડૂતોના ખેતરના આકૃતિ, નકશા, અને ખેતરોને ઉપાડી ને ૨ - ૫ કિલોમીટર દૂર બેસાડવા જેવી કામગીરી કરી ખેડૂતોમાં અંદરોઅંદર વેરઝેર ઉભું થાય એવી કામગીરી કરી હતી

ગુજરાત કિસાન કોંગ્રેસ ૨૦૧૬-૧૭ થી સતત આ ખોટી અને ભૂલ ભરેલી જમીન માપણી સામે લડી રહ્યું છે કિસાન કોંગ્રેસની સતત લડતના ભાગરૂપે રાજ્ય સરકારે ૨૦૧૮ માં જમીન માપણી કામગીરી સ્થગિત કરવાનો નિર્ણય કરવો પડ્યો હતો જ્યારે આ નિર્ણય થયો ત્યારે ગુજરાતના ૧૨૦૦૦ ગામોની માપણી અને તેને માન્યતા એટલે કે પ્રમોલગેસન થઈ ગયા હતા તેને રદ કરવાની કિસાન કોંગ્રેસની સતત માંગ છે ત્યારે રાજ્ય સરકારે ૪ કેબિનેટ કક્ષાના મંત્રીઓની સમિતિ બનાવી રાજ્યના તમામ જીન્ઈ, ઢ્ઢૈન્ઈ, સેટલમેન્ટ કમિશ્નર સહિતની બેઠક બોલાવી ૨ ગામોની માપણી સરકારી સર્વેયરો દ્વાર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને આ કમિટીના પ્રમુખ નાયબ મુખ્યમંત્રી નિતીન ભાઈ પટેલે ત્યારે કહ્યું હતું કે ×× આ રિપોર્ટ આવશે એટલે જમીન માપણીમાં સાચું શું છે તેનું દૂધનું દૂધ ને પાણીનું પાણી થઈ જશે××

આ સમિતિએ આદેશ કર્યો હતો એ મુજબ જામનગર અને દ્વારકા જિલ્લાના ૨ ગામો પસંદ કરી તેનો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો આ અહેવાલ મુજબ

અહેવાલમાં આકૃતિ અને નકશા ૧૦૦% ભૂલો સામે આવી, કબજા અવલધોમ એટલે કે એક ખેડૂતનું ખેતર બીજા ખેડૂતના નામે ચડી જવાની ૪૯.૭૨% ભૂલ સામે આવી, જેનો રેફરન્સ લઈ માપણી કરવાની હતી તેવા પીપર ગામમાં ૩૭ પથ્થર ખોડવાના હતા તેને ય્જી કોંર્ડિનેટ આપવાના હતા આવ ૩૭ પથ્થર સામે જર્જરિત હાલતમાં ૧ જ પથ્થર મળી આવ્યો, આ અહેવાલ મુજબ જે ગામને માપતા ૨૪ દિવસ લાગે એને ખાનગી કંપનીએ એક જ દિવસમાં માપી દીધું હતું, સરકાર અને કંપની વચ્ચે થયેલા કરાર મુજબ ૧૫ સેમી. વધારે ભૂલ ચલાવવાની નહોતી તેની સામે આ અહેવાલ મુજબ ૫% થી વધારે ક્ષેત્રફળ ફેરફાર વાળા ૪૧૩ સર્વે નંબર સામે આવ્યા હતા જે ગંભીર પ્રકારની ભૂલ હતી, આ અહેવાલ મુજબ સરકારી ખરબાઓમાં દબાણમાં ૬૨% ભૂલ સામે આવી હતી, અહેવાલ મુજબ ખેતરમાં આવેલા અલગ ટોપોલોજિકલ ફીચર ગામમાં ૧૨૬૭ બતવવા જોઈતા હતા ત્યાં માપણી કરતી ખાનગી કંપનીએ માત્ર ૨૨ જ બતાવ્યા હતા

આમ સરકારે પોતે કરેલી માપણી અને તેના રિપોર્ટે જમીન માપણીમાં કેટલી એક્યુરેસી સાથે કામ થયું તેનું દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દીધું હતું.



રોટરી ક્લબ ઓફ મુંબઈ કાંદિવલી વેસ્ટ દ્વારા કાંદિવલીની હિલ્ડા સ્કૂલમાં વિદ્યાર્થીઓને ૩૦૦ સ્કૂલ બેગ અને બેઝિક સ્ટેશનરી વહેંચવામાં આવી હતી. કર્મા ફાઉન્ડેશન ની મદદથી યોજાયેલા કાર્યક્રમમાં પ્રમુખ પ્રીતિકા સામાણી, પ્રસન્ના ઉપાસની, રીમા વાહી, નંદિની, નીરવ વખારિયા, બ્લેર રોબિન્સ વગેરે હાજર રહ્યા હતા.

# ગુજરાતમાં ૬૯મા ફિલ્મફેર એવોર્ડ્સ ૨૦૨૪ ના આયોજન માટે ગુજરાત સરકારના પ્રવાસન નિગમ અને વર્લ્ડ વાઈડ મીડિયા પ્રા. લિ વચ્ચે MoU થયા




ગુજરાતમાં પ્રથમવાર આયોજિત થનારા ૬૯મા ફિલ્મફેર એવોર્ડસ દ્વારા ગુજરાત દેશમાં ફિલ્મ ડેસ્ટિનેશન સ્ટેટ તરીકે પ્રમોટ થશે. આ ૬૯મા ફિલ્મફેર એવોર્ડસના આયોજન માટે રાજ્ય સરકારના સાહસ ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ અને વર્લ્ડ વાઈડ મિડીયા પ્રા. લિમિટેડ દ્વારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્?દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ૈં કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્?દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે ૨૦૨૨માં જાહેર કરેલી સિનેમેટીક ટુરીઝમ પોલિસીને પગલે ગુજરાતમાં ફિલ્મ ઉદ્યોગો આકર્ષિત થયા છે. તેમાં આ ફિલ્મફેર એવોર્ડ-૨૦૨૪ નુ આયોજન વધુ એક સિમાચિન્હ બનશે. ગુજરાતમાં પ્રથમ વખત ફિલ્મફેર એવોર્ડ્સ આયોજિત થવા જઈ રહ્યા છે, તે સંદર્ભમાં આ ૈં સાઈનીગ અવસરે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, મુખ્યસચિવશ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસ નાથન, રાજ્ય સરકાર ના વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ, પ્રવાસન સચિવ શ્રી હારિત શુક્લા, પ્રવાસન નિગમના મેનેજિંગ ડાયરેક્ટર અને ટુરિઝમ કમિશનર ડૉ. સૌરભ પારધિ તેમજ ટાઈમ્સ ગ્રુપના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી વીનિત જૈન, વર્લ્ડવાઈડ મીડિયા પ્રા.લિ. ના સીઈઓ શ્રી દીપક લાંબા અને લોકપ્રિય હિંદી ફિલ્મ એક્ટર ટાઈગર શ્રોફ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્?દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, ફિલ્મફેર એવોર્ડ્સ એ ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ્સમાંના એક છે. આવા પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહનું આયોજન રાજ્યમાં થવાથી મોટી સંખ્યામાં હસ્તીઓ, ફિલ્મ નિર્માતાઓ અને ઉદ્યોગ વ્યવસાયિકો ગુજરાત આવશે. મુલાકાતીઓનો આ પ્રવાહ રાજ્યમાં પ્રવાસન, હોટેલ બુકિંગ અને અન્ય પ્રવૃત્તિઓને વેગ આપશે, અને લોકલ ઈકોનોમી ને બુસ્ટ મળશે તથા એમ્પ્લોયમેન્?ટ જનરેશન પણ થઈ શકશે.

ફિલ્મફેર એવોર્ડ્સનું આયોજન ભારતીય ફિલ્મ ઉદ્યોગ અને ગુજરાતની સ્થાનિક સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાન સરળ બનાવશે. ગુજરાતના કલાકારો અને ફિલ્મ નિર્માતાઓને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વ્યવસાયિકો સાથે વતચીત અને વિચારોના આદાન-પ્રદાન કરવાની તેમજ ફિલ્મ પ્રોડક્શનમાં ન્યુ ટ્રેન્?ડ, ટેકનોલોજી અને ટેકનિક્સ વિશે જાણવાની તક મળશે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્?દ્ર પટેલે આ સંદર્ભમાં સ્પષ્ટ મત દર્શાવ્યો કે, વડાપ્રધાનશ્રી નરેન્?દ્રભાઈ મોદીએ આપેલી એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પના ફિલ્મ ઈન્?ડસ્ટ્રી સુપેરે ચરિતાર્થ કરે છે. રાજ્યમાં ફિલ્મફેર એવોર્ડ્સના આયોજનથી રાજ્યને ફિલ્મ ડેસ્ટિનેશન સ્ટેટ તરીકે પ્રમોટ કરી શકાશે. તેનાથી ગુજરાતને સંભવિત ફિલ્મી લોકેશન તરીકે નોંધપાત્ર એક્સપોઝર અને પ્રમોશન મળશે.

### અમેરીકાના " ઈન્ડીયન અમેરીકન સીનીયર એસોસીએશન " IASA અંતરગત

# કેલિફોર્નિયાના લોસ એન્જલસ અને ઓરેન્જ કાઉન્ટી ના સભ્યો માટે એક સુંદર સમર પીકનીકનું આયોજન સરીટોઝ એરીયા ખાતે યોજ્યું



પંદર એકરના વિશાળ એરીયામાં આવેલ આ હેરીટેઝ પાર્કમાં કુદરતી સાનિધ્ય અને સરોવર, રમત ગમતના મેદાનો , પીકનીક એરીયા , વિશાળ વૃક્ષોની છાયા, સ્મારક સમા બિલ્ડીગો સુંદર રીતે આયોજીત આ પાર્ક રમણીય સ્થળ તરીકે સૌને આકર્ષિત કરે છે.... વધુમાં હર્ષદરાય શાહ જણાવે છે કે આજે લગભગ ૯૦' ફેરનહાઈટ ની ગરમીમાં કુદરતી ઠંડીનો અહેસાસ માણવા સવારના ૧૦- વાગ્યાથી આ સંસ્થાના આયોજકો તથા સભ્યોએ પોત-પોતાના મનોરંજન ના સાધનો સાથે પહોંચી રહ્યા હતા.. આ પાર્કમાં બનેલ ખાસ પ્રકારના શેડ તથા વિશાળ વૃક્ષોની છાયામાં પોત પોતાની રીતે ગોઠવાઈ ગયા હતા, અંદાજે ૧૭૦ની સભ્ય સંખ્યામાં ઉપસ્થિત રહિને સર્વે પીકનીક માણવામાં સયહોગ આપ્યો... શરૂઆતમાં સૌ સભ્યોએ તરબૂચ નો સ્વાદ માણી તૃષા તૃપ્ત કરી. સંસ્થાના સિનિયર સભ્યશ્રી અરવિંદભાઈ પટેલે સૌને આવકાર આપી સંચાલક મંડળ નો પરીચય કરાવ્યો... ૧૯૯૨ માં શરૂ થયેલ આ સંસ્થાનો ઈતિહાસ આપી સંસ્થાના ફાઉન્ડરોને યાદ કરી આટલા વર્ષોની વિકાસ યાત્રાની માહિતી આપી... આ સંસ્થા અંદાજે ૬૦૦ થી વધુ આજીવન સભ્ય સંખ્યા ધરાવે છે... તેમ તેઓએ ગૌરવ પૂર્વક જણાવ્યું... સૌ એ આ પીકનીક ને આનંદ પૂર્વક અને ધીગા મસ્તિ થી માણી.. બીગો ગેમ સિધ્ધાર્થ અને જાગૃતિ દ્વારા રમાડવામાં આવી... ત્યાર બાદ બી.એ.પી.એસ સંસ્થામાં બનેલ રસોઈને સૌ એ પ્રસાદી તરીકે આરોગી ભોજનની પરિતૃપ્તિનો આનંદ માણ્યો...આ માટે ની સેવા શ્રી અમરત પટેલની સેવા અભિનંદનીય રહી.. સંસ્થાના સંચાલકોનું કાર્ય પણ અભિનંદનીય રહ્યું.. આ સંસ્થા તરફથી પવિત્ર શ્રાવણ માસમાં મંદિર દર્શનની યાત્રા નું પણ આયોજન રાખવામાં આવેલ છે...આ કાર્યક્રમને સફળ બનાવવામાં સૌ સિનિયર સભ્યોને તથા સ્વયંમ સેવકો ને ધન્યવાદ...

(માહિતીઃ- હર્ષદરાય શાહ તસ્વિરઃ- કાન્તિભાઈ મિસ્ત્રી,)

# સંબંધોનો સેતુ મજબૂત રાખો



લાગણીના સંબંધો હંમેશા નાજુક હોય છે. જેને સમજવા અત્યંત જરૂરી છે. સંબંધો નિભાવવા માટે માણસે હંમેશા મોટું મન રાખવું જોઈએ. સંબંધોમાં એકબીજાની લાગણીઓનો અને ભાવનાઓનો ખ્યાલ રાખો જોઈએ. કંઈ પણ વ્યવહાર કરતા પહેલા એકબીજાને અનુકૂળ થવાની ભાવના હોવી જોઈએ. જો સંબંધોમાં ગણતરી થશે તો પલ્લુ ઊંચું નીચું થશે અને સંબંધો ભારરુપ બનશે. અને જોખમાશે પણ ખરા. અને એકબીજા પ્રત્યે ખુશી અને આનંદ પણ છીનવાશે. એક પતિ પત્ની હતા બંને જોબ કરતા હતા. બંનેની લાઈફ બીઝી હતી બંને ખુબ સુખી હતા. જવાબદારીઓ વધતી ગઈ. બંને પાસે સમય ન મળતો હોવાથી એક બીજા પ્રત્યે અપેક્ષા વધી સંબંધોમા ગંભીરતા ઘટવા લાગી. પોતાના સ્ટેટ્સ, કેરિયરને વધુ ફોકસ કરવામાં એકબીજા પ્રત્યે સમય ન આપી શકતા. વધુ પડતી કમાવવાની ઘેલછામાં તેણે પોતપોતાની લાઈફ ને વધુ મહત્વ આપી દીધું. મતભેદ શરુ થઈ ને મનભેદ થતાં વાર ન લાગી. જવાબદારીઓથી બહાર થતા ગયા.સબંધમાં થોડી થોડી જગ્યા બનતી ગઈ.બંને એ સમજવાનો પ્રયત્ન ન કર્યો ફક્ત એકબીજા પ્રત્યે આક્ષેપો ને ભુલો, દોષારોપણ કરી પોતાની લાઈફને જોખમમાં મુકી દીધી.બંને વચ્ચે લાગણી-પ્રેમ, જવાબદારી અને કાળજી છોડી પોતાનો ઈગો વટ સાચવવામાં બંને એ છૂટા પડવાનું નક્કી કરી લીધું. એટલે કહેવાનો અર્થ એ છે કે આપણી જિંદગીને સંબંધને થોડી પ્રાથમિકતા આપી હંમેશા સમજવાની કોશિશ કરો દરેક સંબંધમાં મતભેદ હોય છે પણ એને મનભેદ સુધી ન પહોંચાડીએ.સબંધોમા જીવન રાખીએ.સબંધોની ગરિમા અને પરિભાષા બંનેને પ્રાધાન્ય આપીએ. અને પ્રોફેશનલ લાઈફ અને પર્સનલ લાઈફને અલગ રાખીને સમજીએ. સંબંધો હંમેશા સમજણથી વધુ સારાં રહી શકે છે.સબંધોમા સમજણ શક્તિ અને સહનશક્તિ જેટલી સારી હશે તેટલો સંબંધ મજબૂત બની શકશે. સંબંધ આપણે મુક્ત અને હળવો રાખી શકશું એટલા નજીક રહી શકશું. સંબંધોમાં લાગણીઓને હંમેશા માપમાં અને મર્યાદામાં રાખીશું તો એ સંબંધો લાંબા ચાલી શકશે. સંબંધોને ગાઢ બનાવવા એકબીજા પ્રત્યે કાળજી,પ્રેમ, ચિંતા કે ધ્યાન રાખવું ખૂબ અગત્યનું છે ભૂલને માફ કરવી અને આપણી ભૂલને સ્વીકારવી એ સંબંધોનો મજબૂત સેતું છે. સંબંધો હંમેશા નીખાલસતા, પ્રામાણિકતા ઉપર ટકે છે. મતભેદ, મન ભેદ અને ગેર સમજણથી સંબંધો વીખરાય છે. જે નુકસાન કરે છે. ખુલાસો, સ્પષ્ટતા અને સરળતા સંબંધોમાં એકબીજા પ્રત્યે માન, સન્માન અને પ્રેમ વધારે છે.

-ઉષા પંડ્યા (રાજકોટ)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.